# એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોનાં અભિપ્રાય પર લોકમત

ટૂંક સમયમાં જ ઓસ્ટ્રેલિયાનાં મતદારોને લોકમતમાં મતદાન કરવાનું કહેવામાં આવશે. લોકમતમાં પૂછવામાં આવશે કે શું બંધારણમાં સંસદમાં એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોનો અભિપ્રાય સામેલ હોવો જોઇએ કે નહિં. સંસદ એક મંડળ છે જે ઓસ્ટ્રેલિયા માટે કાયદા બનાવે છે.

## સંસદમાં અભિપ્રાય શું છે?

અભિપ્રાય, એ એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકો માટે તેમને અસર કરતાં કાયદાઓ વિશે સરકારને સલાહ આપવાનો એક માર્ગ છે. બંધારણમાં અભિપ્રાય સામેલ કરવાનો અર્થ એ થશે કે, એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોને અસર કરતાં મુદ્દાઓ પર સરકારને સલાહ પૂરી પાડવામાં અભિપ્રાય (વોઇસ)ની કાયમી ભૂમિકા રહેશે. સંસદમાં અભિપ્રાય એ એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકો માટે બંધારણીય રીતે માન્યતા પ્રાપ્ત કરવાની અને તેમની સંસ્કૃતિને સ્વીકારવાની તથા તેની ઉજવણી કરવાની તક પૂરી પાડશે.

## એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકો શા માટે સંસદમાં અભિપ્રાયનો હક માંગે છે?

એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકો લગભગ ૧૦૦ વર્ષથી સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કરવાની માંગ કરી રહ્યા છે. એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકો તેમના સમુદાયો અને સંસ્કૃતિને શ્રેષ્ઠ રીતે જાણે છે. તેઓ તેમના સમુદાયો દ્વારા અનુભવાતાં પડકારોને પહોંચી વળવા માટેના શ્રેષ્ઠ ઉકેલો જાણે છે, જે એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકો માટે વધુ વાજબી, વધુ સમાનતાના અનુભવનું સર્જન કરી શકે છે.

## સંસદમાં અભિપ્રાય (વોઇસ) શું કરશે?

અભિપ્રાય એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોની તેમના જીવનને અસર કરતી સલાહ સાંભળશે, જેથી સરકાર વધુ સારા નિર્ણયો લઇ શકે કે જે એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોને અસર કરતાં હોય.

## સંસદમાં અભિપ્રાય (વોઇસ)નું પ્રતિનિધિત્વ કોણ કરશે?

વોઇસ એ અંતરિયાળ વિસ્તારો સહિત દરેક રાજ્ય અને પ્રદેશનાં એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોનું એક જૂથ હશે.પ્રતિનિધિઓની પસંદગી તેમના સ્થાનિક વિસ્તારમાં એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકો દ્વારા કરવામાં આવશે.

## શું સંસદમાં અભિપ્રાય પર એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોની સલાહ લેવામાં આવી છે?

હજારો એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોએ અભિપ્રાયના હકની શા માટે જરૂર છે અને તે ઘણા વર્ષો સુધી કેવી રીતે કામ કરવું જોઇએ તે અંગે સલાહ આપી છે. ૮0%થી વધુ એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોએ સાંસદમાં અભિપ્રાયને ટેકો આપ્યો છે.

## કાનૂની નિષ્ણાતો શું કહે છે?

કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતાં લોકો સહિત બંધારણીય વકીલોએ કહ્યું છે કે અભિપ્રાય કાયદેસર રીતે યોગ્ય છે અને તે આપણાં સરકારી તંત્રને વધુ સારું બનાવશે.

## શું અભિપ્રાય (વોઇસ) કાયદા બનાવી શકે છે?

ના. અભિપ્રાય પાસે કાયદા બનાવવાની સત્તા નહિં હોય. તે ફક્ત એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોને અસર કરતી બાબતો પર સલાહ આપશે.



દ્વારા અધિકૃત Tabatha Feher, Life Without Barriers, L6, 107 Pitt St, Sydney, NSW.

## એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર અભિપ્રાય લોકમતમાં શું પ્રશ્ન પુછાશે?

"એક સૂચિત કાયદો: એબોરિજિનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર અભિપ્રાયની સ્થાપના કરીને ઓસ્ટ્રેલિયાના પ્રથમ નાગરિકોને માન્યતા આપવા માટે બંધારણમાં ફેરફાર કરવો. શું તમે આ સૂચિત ફેરફારને મંજૂરી આપો છો?"

## હું લોકમતમાં મત કેવી રીતે આપું?

લોકમત ચૂંટણી જેવા જ હોય છે. તમને ઉપરના પ્રશ્ન સાથેનું એક મતપત્ર આપવામાં આવશે અને તમારે તમારો મદ ગણાય તે માટે અંગ્રેજીમાં 'YES' (હા) કે 'NO' (ના) લખવાનું રહેશે. જો તમે 'YES' લખો છો, તો તેનો અર્થ કે તમે સંમત છો કે, તેમને સીધી અસર કરતી બાબતોમાં એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોનો અભિપ્રાય હોવો જોઇએ..

## જો મોટાભાગના લોકોનો મત YES (હા) હશે તો શું થશે?

જો અભિપ્રાય માટે મોટાભાગના લોકોનો મત Yes હશે, તો પછી સરકાર વોઇસ (અભિપ્રાય)ની સ્થાપના કરવા, તેની રૂપરેખાને અંતિમ સ્વરૂપ આપવા એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકો સાથે પરામર્શ કરશે અને સંબંધિત કાયદાઓ ઘડશે.

## જો મોટાભાગના લોકોનો મત NO (ના) હશે તો શું થશે?

જો મોટાભાગના લોકોનો મત 'No' હશે, તો કશું બદલાશે નહિં. એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોનો સામનો કરી રહેલ મુદ્દાઓ ચાલુ રહેશે.'No' મતદાનનો અર્થ એ છે કે તમે અભિપ્રાયને Noમાં મત આપો છો, આ લોકમતમાં એબોરિજીનલ અને ટોરસ સ્ટ્રેટ આઇલેન્ડર લોકોને ટેકો આપવા માટે કોઇ વિકલ્પ નથી.

## હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

વધુ
માહિતી
www.lwb.org.au



દ્વારા અધિકૃત Tabatha Feher, Life Without Barriers, L6, 107 Pitt St, Sydney, NSW.